इस पुस्तिका में **20** मुद्रित पृष्ठ हैं।
This Booklet contains **20** printed pages.

www.prepp.in

# MVD18—I

परीक्षा पुस्तिका संख्या
Test Booklet No.

Prepp
Your Personal Exams Guide

LANG. CODE
**06**

## प्रश्न-पत्र—I / PAPER—I
## गुजराती भाषा परिशिष्ट / GUJARATI LANGUAGE SUPPLEMENT
## भाग IV & V / PART IV & V

परीक्षा पुस्तिका संकेत
**Test Booklet Code**

**I**

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए।**
**Do not open this Test Booklet until you are asked to do so.**

**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ संख्या 20) पर दिए गए निर्देशों को ध्यान से पढ़ें।**
**Read carefully the Instructions on the Back Cover (Page No. 20) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका के पृष्ठ संख्या 2 व 19 देखें।**
**For Instructions in Gujarati, see Page Nos. 2 and 19 of this Booklet.**

### *परीक्षार्थियों के लिए निर्देश :*

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका का एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो **या** तो भाग—IV (भाषा—I) **या** भाग—V (भाषा—II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं**।
2. परीक्षार्थी भाग I, II, III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से।
3. अंग्रेजी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग—IV व भाग—V के अन्तर्गत दिए गए हैं। भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर-पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉलपॉइंट पेन** का प्रयोग करें।
5. इस भाषा पुस्तिका का **संकेत I** है। यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट परीक्षा पुस्तिका का संकेत, उत्तर-पत्र के **पृष्ठ-2** एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है। अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं तथा प्रत्येक 1 अंक का है :

   भाग—IV : भाषा—I (गुजराती) (प्रश्न सं॰ 91–120)
   भाग—V : भाषा—II (गुजराती) (प्रश्न सं॰ 121–150)
7. भाग—IV में भाषा—I के लिए 30 प्रश्न और भाग—V में भाषा—II के लिए 30 प्रश्न दिए गए हैं। इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से सम्बन्धित प्रश्न दिए गए हैं। **यदि भाषा—I और/या भाषा—II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है/हैं, तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लें। जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन-पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए।**
8. **परीक्षार्थी भाग—V (भाषा—II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा—I (भाग—IV) में चुनी गई भाषा से भिन्न हो।**
9. रफ़ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें।
10. सभी उत्तर केवल OMR उत्तर-पत्र पर ही अंकित करें। अपने उत्तर ध्यानपूर्वक अंकित करें। उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है।

### *Instructions for Candidates :*

1. This Booklet is a Supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part—IV (Language—I) **OR** Part—V (Language—II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Parts I, II, III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part—IV and Part—V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ballpoint Pen only** for writing particulars on this page/marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **I**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Test Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **Two** Parts, IV and V, consisting of **60** Objective-type Questions and each carrying 1 mark :

   Part—IV : Language—I (Gujarati) (Q. Nos. 91–120)
   Part—V : Language—II (Gujarati) (Q. Nos. 121–150)
7. Part—IV contains 30 questions for Language—I and Part—V contains 30 questions for Language—II. In this Test Booklet, only questions pertaining to Gujarati Language have been given. **In case, the language(s) you have opted for as Language—I and/or Language—II is a language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The languages being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part—V (Language—II) in a language other than the one chosen as Language—I (Part—IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) : ____________________
Name of the Candidate (in Capital letters)

अनुक्रमांक (अंकों में) : ____________________
Roll Number (in figures)

(शब्दों में) : ____________________
(in words)

परीक्षा-केन्द्र (बड़े अक्षरों में) : ____________________
Centre of Examination (in Capital letters)

परीक्षार्थी के हस्ताक्षर : ____________________
Candidate's Signature

निरीक्षक के हस्ताक्षर : ____________________
Invigilator's Signature

Facsimile Signature Stamp of Centre Superintendent ____________________

આ પુસ્તિકામાં **20** પાનાં છે.

www.prepp.in

LANG. CODE
**06**

# MVD18—I

**પેપર—I**

## ગુજરાતી ભાષા પરિશિષ્ટ

**ભાગ – IV & V**

પરીક્ષા પુસ્તિકા સંકેત

**I**

આ પરીક્ષા પુસ્તિકાને સૂચના મળે પછી જ ખોલવી.

આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં (**19** & **20**) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.

***પરીક્ષાર્થીઓ માટે દિશા નિર્દેશ :***

**1.** આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, તે પરીક્ષાર્થી માટે જે ભાગ—IV (ભાષા—I) **અથવા** ભાગ—V (ભાષા—II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ **ફક્ત એકજ.**

**2.** પરીક્ષાર્થી ભાગ—I, II, III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ—IV અને V ના ઉત્તર તેમણે ચયન કરેલ ભાષામાં આપે.

**3.** અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ—IV અને ભાગ—V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.

**4.** આ પૃષ્ઠ પર વિવરણ અંકિત કરવા તથા ઉત્તરપત્રિકામાં નિશાન લગાડવા માટે **માત્ર બ્લેક/બ્લ્યુ બૉલ પોઇંટ પેનનો** જ પ્રયોગ કરી શકે છે।

**5.** આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) **I** છે. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ-2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ સૂચિત કરે.

**6.** આ પુસ્તિકામાં બે ભાગ—IV અને V છે. જેમાં કુલ **60** વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :

| | | |
|---|---|---|
| ભાગ—IV : | ભાષા—I (ગુજરાતી) | (પ્રશ્ન સં. 91–120) |
| ભાગ—V : | ભાષા—II (ગુજરાતી) | (પ્રશ્ન સં. 121–150) |

**7.** ભાગ—IV માં ભાષા—I માટે 30 પ્રશ્ન અને ભાગ—V માં ભાષા—II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા—I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપને ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવા જોઈએ.**

**8.** **પરીક્ષાર્થી ભાગ—V (ભાષા—II) માટે ભાષા સૂચીમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા—I (ભાગ—IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**

**9.** રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આ માટે આપેલ ખાલી જગ્યામાં જ કરવું.

**10.** બધા ઉત્તર માત્ર ઓ. એમ. આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ______________________

અનુક્રમાંક (અંકોમાં) : ______________________

(શબ્દોમાં) : ______________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં) : ______________________

પરીક્ષાર્થી દસ્તખત : ______________ નિરીક્ષક દસ્તખત : ______________

Facsimile signature stamp of Centre Superintendent ______________________

પરીક્ષાર્થીઓ ભાગ–**IV** (પ્રશ્ન **91–120**) ફક્ત ગુજરાતી ભાષા–**I** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part–IV (Q. Nos. 91–120)**, if they have opted **GUJARATI** as **Language–I** only.

# Part—IV / ભાગ-IV

## Language—I / ભાષા-I

## Gujarati / ગુજરાતી

Prepp
Your Personal Exams Gu

પરીક્ષાર્થીઓ ભાગ-**IV** (પ્રશ્ન **91–120**) ફક્ત ગુજરાતી ભાષા-**I** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

*નિર્દેશ :* નીચેના સવાલોના જવાબ (પ્ર. સં. **91–105**) યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો :

**91.** વિદ્યાર્થીઓને જોડણી અને વિરામચિહ્નો સુધારવાનું શિક્ષણ આપવામાં આવે તો તેઓ શું કરશે?

(1) પોતાનું શીખવાનું કૌશલ્ય સુદઢ કરશે

(2) પોતાની ચોકસાઇ વધારશે

(3) પોતાની પ્રવાહિતા વધારશે

(4) પોતાની સર્જનાત્મકતાનું સંવર્ધન કરશે.

**92.** ભાષા શિક્ષણના વર્ગમાં રચનાત્મકતાવાદનો અર્થ ........ છે

(1) વિદ્યાર્થીઓ વિવિધ પ્રકારના અસમાન નમૂનાઓનો અભ્યાસ કરે છે અને સુવ્યવસ્થિત ઉકેલ સુધી પહોંચે છે.

(2) વિદ્યાર્થીઓને એક શિક્ષક ઉપલબ્ધ કરાવાય છે અને તેઓ પોતાના સિદ્ધાન્તો કે થિયરીઝના નિર્માણ માટે વિભિન્ન માધ્યમોનો ઉપયોગ કરે છે.

(3) વિદ્યાર્થીઓ ચીજોના અનુભવ વડે પોતાની સમજણ અને વિશ્વ અંગેનું જ્ઞાન ગઠિત કરે છે અને આ અનુભવોને ભાષાકૌશલ્યમાં પ્રતિબિંબિત કરે છે.

(4) વિદ્યાર્થીઓ પોતાની શિક્ષણ સામગ્રી પોતે જ તૈયાર કરે છે અને હાથવગું જ્ઞાન અર્જિત કરે છે.

**93.** નીચેનામાંથી કઇ બાબતને ભારતમાં પ્રાદેશિક ભાષાના વિકાસમાં એક પડકાર તરીકે નથી જોવાતી?

(1) લોકોની એના વિશેની અપરિચિતતા

(2) સુવિધાઓનો અભાવ

(3) એની ગતાગમમાં અસ્પષ્ટતા કે સંદિગ્ધતા

(4) અનુવાદની મુશ્કેલીઓ

**94.** ભાષા-અર્જન એ .......... છે.

(1) ફક્ત જરૂરી શબ્દભંડોળનો ઉપયોગ

(2) બાળકો પોતાની માતૃભાષા શીખે એવા વાતાવરણનું નિર્માણ કરવાની કે ઉત્પ્રેરણાની એક પ્રયુક્તિ

(3) વ્યાકરણના વિશ્લેષણ અને આકલનનો પદ્ધતિસરનો અભિગમ

(4) માનવ દિમાગની સાહજિક અને નૈસર્ગિક ક્ષમતાને લીધે ભાષા શીખવાની એક પ્રક્રિયા

**95.** એક ભાષા શિક્ષક નીચેનામાંથી કઇ પદ્ધતિ વડે લેખન કૌશલ્ય શીખવી શકે છે?

(1) શ્રુતલેખન

(2) વિદ્યાર્થીઓને સ્વચ્છ અને સાફસૂથરા લેખન માટે નિર્દેશ આપીને

(3) જ્ઞાનવર્ધક વિચારો આપીને વિદ્યાર્થીઓને તે વિચારો મૌલિક ભાષામાં લખવાની સૂચના આપીને

(4) વિદ્યાર્થીઓને વિવિધ લેખો વાંચવાની સૂચના આપીને

**96.** ભાષા પર પકડ અને પ્રવાહિતા કઇ રીતે વિકસીત કરી શકાય છે?

(1) વિદ્યાર્થીઓ સાથે વાતચીત અને સંવાદ દ્વારા

(2) વિદ્યાર્થીઓને સમજણ ન પડતી હોય તો એમને શાંતિથી ચૂપચાપ બેસવાની અનુમતિ દ્વારા

(3) ભૂલો શોધી કાઢીને એને સ્થળ ઉપર જ સુધારી આપવાથી

(4) ભાષાનો પ્રત્યાપન માટે ઉપયોગ કરવાની તકોના સર્જન દ્વારા

**97.** ભાષાશિક્ષણના પ્રભાવક પાઠનો સંચાલન કઇ રીતે થાય છે?

(1) શીખવાના ઉદ્દેશ્યો કે લક્ષ્યને સૂચિબદ્ધ કરવાથી

(2) સારદર્શન અને પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાથી

(3) પાઠમાંથી સંદર્ભો પ્રસ્તુત કરીને

(4) બ્લેકબોર્ડ પર લખીને

**98.** ઉપચારાત્મક શિક્ષણ કેવા પ્રકારનું કાર્ય છે?

(1) આદેશાત્મક (Orderly)

(2) સૂચનાત્મક (Instructional)

(3) નકારાત્મક (Negative)

(4) સિદ્ધાન્તકેન્દ્રી (Theoretical)

**99.** ભાષાકૌશલ્યો કેવી રીતે ભણાવવા જોઇએ?

(1) સાફસૂથરા સ્પષ્ટીકરણ દ્વારા

(2) સ્વતંત્ર ઢબે (in isolation)

(3) એકીકૃત પદ્ધતિથી

(4) અનુકરણ દ્વારા

**100.** ભાષા શિક્ષણની પ્રક્રિયામાં વિદ્યાર્થીઓમાં જો ઉચ્ચાર સંદર્ભે આત્મવિશ્વાસનો અભાવ હોય તો તેને કઇ રીતે દૂર કરી શકાય?

(1) વર્ગમાં સસ્વર પાઠ કરવાથી

(2) નાટક જેવી કોઇ પ્રવૃત્તિનું આયોજન કરીને, જેમાં બાળકો એકબીજા સાથે સંવાદ કરતા હોય

(3) સ્થળ ઉપર જ ભૂલસુધાર દ્વારા

(4) ભાષાવિદ્દોની મદદથી વિશિષ્ટ પ્રવૃત્તિઓનું આયોજન કરીને

**101.** પ્રશ્નપત્ર તૈયાર કર્યા પછી શિક્ષક કસોટીના ઉદ્દેશો ચકાસે છે. શિક્ષકની પ્રમુખ નિસબત કઇ વસ્તુ સાથે છે?

(1) વિષયવસ્તુના સમાવેશ સાથે

(2) પ્રશ્નોના પ્રકાર સાથે

(3) વિશ્વસનીયતા સાથે

(4) પ્રમાણભૂતતા કે વૈધતા સાથે

**102.** ...............માં થતી મુશ્કેલી એ પઠન તકલીફ (રિડિંગ ડિફિકલ્ટી) ની નિશાની નથી.

(1) વર્ણ અને શબ્દ ઓળખવામાં

(2) જોડણી સાતત્યમાં

(3) વાંચનની ગતિ અને પ્રવાહિતામાં

(4) વિચારો અને શબ્દો સમજવામાં

**103.** ભાષાની પ્રકૃતિ સંદર્ભે નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?

(1) દરેક ભાષાને એનું પોતાનું માળખું હોય છે.

(2) ભાષા સામાજિક વિકાસ અને સંસ્કૃતિ સાથે જોડાયેલી છે

(3) ભાષા સરળમાંથી સંકુલ બને છે

(4) ભાષા સંશ્લેષણમાંથી વિશ્લેષણ તરફ ગતિ કરે છે

**104.** વાચિક ભાષાના વિકાસમાં નીચેનામાંથી કઇ વર્ગખંડ પ્રવૃત્તિ ભાગ ભજવે છે?

(1) શિક્ષકની સાથે મળીને પાઠ્યપુસ્તકમાંની એક વાર્તાનું સમૂહપઠન

(2) શબ્દોના સાચા ઉચ્ચારોની સમૂહમાં પ્રેક્ટિસ

(3) વ્યક્તિગત સ્તરે કવિતા યાદ રાખવાની અને એનું પઠન કરવાનું

(4) મનગમતી વાર્તાઓમાંથી ભજવાતા 'રોલ પ્લે' માં ભાગ લેવાની પ્રવૃત્તિ

**105.** શીઘ્રવાચનનો હેતુ શો છે?

(1) રસ પેદા કરવો તે

(2) ચોક્કસ વિગતો જાણવી તે

(3) વધારનું વાચન

(4) માહિતી માગવી તે

*નિર્દેશ :* નીચેનો ફકરો ધ્યાનથી વાંચી, એની નીચે આપેલા સવાલોના સાચા ઉત્તરો આપેલ વિકલ્પમાંથી શોધીને લખો (પ્રશ્ન ક્રમાંક **106–114**) :

www.prepp.in

આ વિશ્વમાં એવી ઘણી વસ્તુઓ છે જે નિ:શુલ્ક ઉપલબ્ધ છે અને એના યોગ્ય ઉપયોગ દ્વારા પૈસો પણ ન કરી શકે એવું કામ થઇ શકે છે. આવી જ એક ચીજ છે સહાનુભૂતિ.

તમારે જો સૌનો સ્નેહ સંપાદિત કરવો હોય તો ટીકારહિત વલણ રાખજો. આ દુનિયામાં કોઇ વ્યક્તિ સંપૂર્ણ નથી. માટે સંપૂર્ણતાની તમારી વ્યાખ્યાને તમે મનના અંતઃપુરમાં જ નિવાસ કરાવજો ટીકાકારોને ભોજિયોભાઇ યે પૂછતો નથી.

આ જગત આપણા સૌ માટે છે એટલે આપણે સૌને ચાહવા જોઇએ અને પરસ્પર મૈત્રી કેળવવી જોઇએ. જગતમાં એના માટે પૂરતો અવકાશ છે. આપણે એકબીજાને સારી રીતે ઓળખવા જોઇએ અને વધુ સહિષ્ણુ, સહનશીલ અને ઉદાર બનવું જોઇએ. લેવાની જગ્યાએ આપવાની ટેવ પાડવી જોઇએ. એકબીજાને સહાય કરવાની કળા પણ કેળવવા જેવી છે. આવી આદતનો આરંભ તમારી જાતથી જ કરો. કરવાનું કામ અત્યારે જ કરો. તમે ગમે તેટલું સારું કામ કરશો પણ જબાન કડવી રાખશો તો તમારા કામ પર પાણી ફરી જશે.

આવા વલણની શરૂઆત ઘરથી જ કરો. ઘરની પ્રત્યેક વ્યક્તિ સાથે પ્રેમથી રહેશો તો આનંદ દ્વિગુણિત થશે. પરિવારજનોને યોગ્ય સહાનુભૂતિ આપશો, એમના દુ:ખદર્દ નિવારશો તો ઝાઝા હાથ રળિયામણાં થશે અને સૌનો સંતુલિત, સમુચિત વિકાસ થશે. તમારું કુટુંબ તમને ચાહવા લાગશે. આવો જ અભિગમ મિત્રમંડળમાં રાખશો તો મિત્રોની સંખ્યા વધશે, દુશ્મનની સંખ્યા શૂન્ય થઇ જશે અને સૌ તમારો આદરસત્કાર અને સમ્માન કરશે.

એક વસ્તુ સદૈવ સ્મૃતિમાં રાખવા જેવી છે કે આ વિશ્વમાં મનુષ્યતા, અચ્છાઇ અને આનંદ અઢળક પડેલા છે. તમારાથી એને વિસરાય નહીં. તમારા થકી જ એ પમાશે એને પામશો તો માનવતાને પામશો. માનવ[illegible] અહીં પૃથ્વી પર જ સ્વર્ગનો દબદબો અને [illegible] અનુભવાશે. જીવન અભિરામ અને અભિન્ન બનશે.

**106.** ''આવા વલણની શરૂઆત ઘરથી જ કરો''માં નિપાત ક્યો છે?

(1) વલણ

(2) જ

(3) શરૂઆત

(4) કરવું

**107.** 'કુટુંબ'નો સમાનાર્થી શબ્દ કયો છે તે જણાવો

(1) પરિવાર

(2) મિત્ર

(3) ઘર

(4) પરિવારજનો

**108.** 'પાણી ફરી જશે' એ પ્રયોગ શું છે?

(1) રૂઢિપ્રયોગ

(2) નિપાત

(3) વિભક્તિ

(4) કહેવત

**109.** ‘દુશ્મન’નો વિરુધ્ધાર્થી સંજ્ઞાશબ્દ જણાવો

www.prepp.in

(1) અમિત્ર

(2) અરિગણ

(3) ભાઇબંધ

(4) મિત્ર

**110.** ‘અંતઃપુર’ એ નીચેનામાંથી કોના માટે પ્રયોજાયેલો શબ્દ છે ?

(1) પાલનપુર

(2) સમસ્તીપુર

(3) રાણીઓ માટેના મહેલનો આંતરિક હિસ્સો

(4) અંત અને આરંભ માટે

**111.** ‘ઝાઝાં હાથ રળિયામણા’ એ કેવો પ્રયોગ છે?

(1) કહેવતનો પ્રયોગ

(2) કર્તરિ

(3) કર્મણિ

(4) વિભક્તિ

**112.** ‘તમારા થકી જ એ પમાશે’ કેવું [illegible] છે?

Prepp
Your Personal Exams Gu

(1) સંકુલ

(2) કર્મણિ

(3) નિરર્થક

(4) સાર્થક

**113.** ‘ઘરની પ્રત્યેક વ્યક્તિ’ માં કઇ વિભક્તિ પ્રયુક્ત છે?

Prepp Your Personal Exam Guide

(1) ષષ્ઠિ

(2) તૃતીય અધિકરણ

(3) પંચમા

(4) કર્તરિ

**114.** કેવી ટેવ લેખકને મતે આપણે પાડવી જોઇએ?

(1) વહેલાં ઊઠવાની

(2) સાચું બોલવાની

(3) આપવાની

(4) મધુર બોલવાની

*નિર્દેશ :* નીચેનું કાવ્ય વાંચી એની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરમાંથી સાચો ઉત્તર શોધીને લખો (પ્રશ્ન ક્રમાંક **115** થી **120**) :

www.prepp.in

ક્યહીં ન હો ક્લેશ જરીય વળી, ને ક્યાંય પણ ન કલાન્તિ હો
સર્વને હો તાઝગી પ્રાતઃફૂલોની, શાન્તિ હો.

વ્યોમમાંય શાંતિ હો ને ભોમમાંય શાંતિ હો
વ્યોમભોમની મધ્ય રોમરોમ સોમ શી શાંતિ હો

પૃથ્વી તો કંપે હજી ક્યારેક, એ જંપી નથી,
હો ધરીમાં સ્નિગ્ધતા, ને ક્ષુબ્ધતાને શાંતિ હો

એક હતું જે પૂર્ણ તે ખુદ કણકણોમાં ચૂર્ણ છે
એ પૂર્ણપણમાં હોય એવી ચૂર્ણકર્ણમાં શાંતિ હો

ભવભવાટવિમાં ભટકવું લખ્યું છે જો ભાગ્ય તો
એ ભાગ્યને પણ શાંતિ હો, એ ભ્રાંતિને પણ શાંતિ હો

પંચભૂતોની મહીં ને સર્વ ઋતુઓના ઋતે
સંક્રાંતિઓને શાંતિ હો ને ક્રાંતિમાંય શાંતિ હો

શપ્ત શાં સંતપ્ત રણ, નિઃસૂર્ય અંધારા વનો
એ રણો શાં એ વનો શાં સૌ મનોમાં શાંતિ હો

**115.** 'કલાન્તિ' શબ્દનો અર્થ નીચેનામાંથી ક્યો છે?

(1) થાક

(2) કલાનો અંત

(3) કલાપી

(4) કલાકાર

**116.** ભવભવાટવિ એટલે શું?

(1) અટવાઇ જવું

(2) ભવની ભવાઇ

(3) જન્મજન્માંતર રૂપી જંગલ

(4) ભવસાગર

**117.** 'શપ્ત શાં સંતપ્ત રણ' એટલે કેવાં?

(1) સો જેટલા

(2) શાપિત જેવા અને ગરમ

(3) પાણી વિનાના

(4) નિર્જન

**118.** 'વ્યોમ'ની પર્યાયવાચી સંજ્ઞા તારવી બતાવો

(1) જોમ

(2) ભોમ

(3) ઉદ્‌ગમ

(4) નભ

**119.** 'પંચભૂત' નીચેનામાંથી કોને કહેવાય છે?

(1) ભવિષ્ય, વર્તમાન, ભૂત, અદ્‌ભૂત, જળાભિભૂત

(2) પૃથ્વી, પાણી, આગ, વાયુ, વ્યોમ

(3) ભૂત, અધિભૂત, અભિભૂત, મહાભૂત, પ્રભુત

(4) પંચેન્દ્રિય

**120.** પૃથ્વીમાં કંપન હજુપણ શા માટે આંદોલિત છે?

(1) ભૂકંપને કારણે

(2) લાવારસને લીધે

(3) જંપી ન હોવાથી

(4) વસ્તીવધારાથી

Prepp
Your Personal Exams Guide

પરીક્ષાર્થીઓ ભાગ–**V** (પ્રશ્ન **121–150**) ફક્ત ગુજરાતી ભાષા–**II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part–V (Q. Nos. 121–150)**, if they have opted **GUJARATI** as **Language–II** only.

# Part—V / ભાગ-V

## Language—II / ભાષા-II

## Gujarati / ગુજરાતી

Prepp
Your Personal Exams Gu

પરીક્ષાર્થીઓ ભાગ-**V** (પ્ર. **121–150**) ફક્ત ગુજરાતી ભાષા-**II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

*નિર્દેશ:* નીચેના સવાલોના જવાબ (પ્ર. સં. **121–135**) યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો :

**121.** પ્રાથમિક શાળાના વિદ્યાર્થીમાં શ્રવણ અને પઠનકૌશલ્ય વિકસાવવા માટે નીચેનામાંથી કઇ વ્યૂહરચના વધુ ઉપયોગી છે?

(1) વાર્તાકથન અને શ્રુતલેખન

(2) કાવ્યપઠન અને ભાષા પ્રયોગશાળા

(3) રોલ પ્લે અને સમાચાર વાંચન

(4) રોલ પ્લે અને વાર્તાલાપ

**122.** ભાષામાં ઉપચારાત્મક શિક્ષણનો હેતુ શો છે?

(1) વિદ્યાર્થીઓની પ્રાથમિક ભૂલોમાં સુધારો કરવાનો

(2) જ્ઞાન સંદર્ભની ભૂલોમાં સુધારો લાવવાનો

(3) વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ વધારવાનો

(4) ઉપરના તમામ

**123.** ભાષાની સામાન્ય સમજણનું મૂલ્યાંકન કરવા માટે કેવા પ્રકારના પ્રશ્નો યોગ્ય ગણાય?

(1) અત્યંત ટૂંકા પ્રશ્નો

(2) લાંબા પ્રશ્નો

(3) વર્ણનાત્મક પ્રશ્નો

(4) હેતુલક્ષી પ્રશ્નો

**124.** ''બાળકો ભાષા શીખવાની નૈસર્ગિક પ્રતિભા સાથે જ જન્મે છે'' આ વિધાન કોનું છે?

(1) જ્યો પિગેટ

(2) ચોમ્સ્કી

(3) વ્યોગોત્સ્કી

(4) પાવલોવ

**125.** ''હિંદીભાષી પ્રદેશમાંથી એક છોકરી તમારા વિસ્તારમાં આવીને તમારી ભાષા બોલે તો તેની કેટલીક ભૂલો થાય જ.'' એક શિક્ષક તરીકે તમે નીચેનામાંથી ક્યુ વિધાન આ સંદર્ભે સાચું માનો છો?

(1) તેની ભૂલોની તેને વારંવાર પ્રતીતિ કરાવવી જોઇએ

(2) તેને ભાષાનો વધુ ઉપયોગ કરવાની તક આપવી જોઇએ

(3) તેને રોજ અર્ધો કલાક નવી ભાષાની પ્રેક્ટિસ કરવાનું સૂચન કરવું જોઈએ

(4) નવી ભાષાના ઉપયોગમાં તેની માતૃભાષાની અસર ચલાવી લેવાય નહી

**126.** નીચેનામાંથી ક્યા હેતુઓ માટે ભાષા ન શીખવી જોઇએ?

(1) જીવનના વિવિધ તબક્કા જાણવા માટે

(2) ભાષા આકલન શીખવા માટે

(3) આત્માનો અવાજ સાંભળવા અને સંભળાવવા માટે

(4) જીવનની વિવિધ જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટે

www.prepp.in

Prepp
Your Personal Exams Gu

**127.** ભાષાના સંદર્ભે, વર્ણનાત્મક કસોટીનો ફાયદો નીચેનામાંથી ક્યો છે?

(1) પોતાના વિચારોને લિખિત ભાષામાં સંકલિત કરવાની બાળકની ક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં એ મદદ કરે છે

(2) એ વિદ્યાર્થીને કેવળ પરીક્ષામાં પૂછાતા કેટલાક સવાલો શીખવામાં મદદ કરે છે

(3) વિદ્યાર્થીઓએ ફક્ત થોડાંજ સવાલોના જવાબો લખવાના હોવાથી એમનો સમય બચે છે

(4) એના દ્વારા આખો પાઠ્યક્રમ આવરી લઇ શકાય છે

**128.** વિશિષ્ટ પ્રકૃતિના બાળકોને લેખન કૌશલ માટે શેની જરૂર પડે છે?

(1) વિચારોની મૌલિકતા

(2) પ્રતીકાત્મક ભાષાના ઉપયોગની

(3) યોગ્ય શબ્દભંડોળની

(4) સારા હસ્તાક્ષરોની

**129.** ભાષામાં સાતત્યપૂર્ણ અને સમગ્ર મૂલ્યાંકન માટે શેના પર ભાર આપવો જોઇએ?

(1) સાચું શબ્દભંડોળ વાપરવા પર

(2) પ્રોજેક્ટ વર્ક પર

(3) શુદ્ધ ઉચ્ચારો પર

(4) ભાષાનો વિવિધ સંદર્ભે ઉપયોગ કરવાની ક્ષમતા પર

**130.** બહુભાષાવાદ એટલે ....

(1) ભાષાશિક્ષણમાં એક વિઘ્ન

(2) ભાષાસંસાધનો માટે ખતરારૂપ

(3) ભાષા શીખવા માટે એક મહત્વપૂર્ણ સંસાધન

(4) ભાષા શીખવામાં એક સમસ્યા

**131.** ભાષાનું પ્રાથમિક રૂપ ક્યુ છે?

(1) સંકેત ભાષા

(2) વ્યાકરણ

(3) લિખિત ભાષા

(4) બોલાતી ભાષા

**132.** પ્રાથમિક સ્તરે વિદ્યાર્થીઓ માટે કાવ્ય અને વાર્તામાં ક્યુ પરિમાણ તમને સૌથી વધુ મહત્વનું જણાય છે?

(1) એ મૂલ્યકેન્દ્રી હોવા જોઇએ

(2) કાવ્યો અને વાર્તાઓ સમૃદ્ધ શબ્દભંડોળ ધરાવતા હોવા જોઇએ

(3) મહત્વના નામો અને ઘટનાઓનું એમાં પુનરાવર્તન થવું જોઇએ

(4) મહત્વના લેખકોની વાર્તાઓ અને કવિતાઓ

**133.** ભાષામાં વ્યાકરણનું શિક્ષણ શેની સુધારણામાં મદદરૂપ થાય છે?

www.prepp.in

(1) ચોકસાઇ

(2) પ્રવાહિતા

(3) સંખ્યાત્મકતા

(4) સાક્ષરતા

**134.** લેખનની પરંપરામાં (convention of writing) નીચેનામાંથી શેનો સમાવેશ થાય છે?

(1) વાર્તાના વિચારોનો

(2) કલ્પનાનો

(3) યોગ્ય વિરામચિહ્નોનો

(4) સારા શબ્દભંડોળનો

**135.** ભાષામાં મૂલ્યાંકનનો મુખ્ય હેતુ શો હોવો જોઇએ?

(1) વિદ્યાર્થીઓની ભૂલો શોધવાનો

(2) વિદ્યાર્થીઓની ઉન્નતિ માટે એમના પ્રદર્શનનો નિર્ણય કરવાનો

(3) વિદ્યાર્થીઓની ઉપલબ્ધિઓનું મૂલ્યાંકન કે આકલન કરવાનો

(4) શિક્ષણમાં રહેલી ક્ષતિઓનું નિદાન અને ઇલાજ કરવાનો

*નિર્દેશ :* નીચે આપેલ ફકરો કાળજીપૂર્વક વ[illegible] નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો યોગ્ય વિકલ્પ શોધીને લખો (પ્રશ્ન ક્રમાંક **136–143**) :

Prepp Your Personal Exams Guide

આપણા જીવનનાં સુખ અને સફળતા શેના પર નિર્ભર છે એવો કોઇ સવાલ આપણને કરે તો આપણો ઉત્તર હોવો જોઇએ કે સીમા પર. કેટલે સુધી જવું અને ક્યાં અટકી જવું એ સીમાનું નિર્ધારણ અને નિર્માણ મહત્વનું છે. આવી સીમાનું નિર્ધારણ કરી એને જાળવવાનું ખૂબ જ જરૂરી હોય છે, પરંતુ એટલું જ મુશ્કેલ પણ હોય છે. કેમકે આ સીમાની અંદર આપણે આપણા વર્તુળને સીમિત કરી દેવાનું હોય છે.

આ સીમાનું પરિસીમન મૂળભૂત રીતે તો આપણે બધાંને ના પાડવા માટે કરવાનું હોય છે. આપણી મોટાભાગની સમસ્યાઓ ના ન પાડી શકવાને કારણે સર્જાતી હોય છે. આપણે ના પાડી શકતા હોઇએ ત્યારે ઘણાં પ્રશ્નો સર્જાતા અટકી જતા હોય છે. દરેક વખતે ના પાડતા અચકાવાને બદલે સ્પષ્ટ નનૈયો ભણીએ, ચૂપ ન રહીએ કેમ કે આજના સમયમાં બોલે એનાં જ બોર વેચાય છે.

આપણી વાતનો મુદ્દો આપણે સામેના પક્ષને સમજાવીને શાંતિની દિશામાં ચાલીએ તો ગમે તે સ્થિતિમાં પેટનું પાણી ન હાલે એવા સ્થિતપ્રજ્ઞ અને પ્રશાન્ત બની શકીએ. જોકે આવા સીમાંકનનો અર્થ લાગણીશૂન્ય કે સ્વાર્થી થઇ જવું એવો હરગિજ નથી. આવી સીમામાં રહીને પણ આપણે માનવસંબંધો જાળવી જ શકીએ છીએ અને એનું મૂલ્ય સાચવી શકીએ છીએ આવું સીમાંકન આપણા સંવેદનનો કોઇ ગેરલાભ ન લઇ જાય તે માટે છે અને લાગણી આપણી કમજોરી ન બને એટલા માટે પણ જરૂરી છે. સીમાંકનનો અર્થ ઉત્તરદાયિત્વમાંથી છટકવાનો નથી પણ સંતુલિત સંબંધો અને જવાબદારી છે.

આજના સમયમાં સંપત્તિ, સુખ અને સત્તા પાછળ દોડવાનું વલણ લગભગ પ્રત્યેક વ્યક્તિમાં જોવા મળે છે ત્યારે આ પ્રકારની સંબંધોની, સંપત્તિની, સંતતિની, સંતુલનની

પરિસીમા પરિવારને અને વ્યક્તિને સંતુલિત રાખશે અને સંગઠિત પણ રાખશે.

www.prepp.in

છેલ્લે એક મહત્વની વાત પણ સ્મૃતિમાં રાખીએ અને તે એ કે આવી સીમા આપણે આપણી જાત માટે અને આપણી આસપાસની દુનિયા માટે બાંધવાની છે. મતલબ કે આ સીમા આંતરબાહ્ય છે.

**136.** ‘નિર્ધારણ અને નિર્માણ’ પદસમૂહમાં કયો અલંકાર વિનિયોજાયેલો છે?

(1) રૂપક

(2) દીપક

(3) વર્ણાનુપ્રાસ

(4) ઉપમા

**137.** ‘બોલે એના બોર વેચાય’ એ શું છે?

(1) ઉપમા

(2) કહેવત

(3) રૂઢિપ્રયોગ

(4) ઉદાહરણ

**138.** ‘સીમા’ શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે?

(1) પરિસીમન

(2) સીમાન્ત

(3) સરહદ

(4) લિમિટ

**139.** ‘નબળાઇ’નો વિરુદ્ધાર્થી શબ્દ જણાવો

(1) મજબૂતી

(2) કમજોરી

(3) અબળાઇ

(4) શક્તિ

**140.** ‘પેટનું પાણી ન હાલે’ એ કેવો પ્રયોગ છે?

(1) ભાવે પ્રયોગ

(2) રૂઢિપ્રયોગ

(3) વિપ્રયોગ

(4) કર્તરિ પ્રયોગ

Prepp
Your Personal Exams Guide

**141.** આપણે કેવી સીમા બાંધવાની છે?

www.prepp.in

(1) મિત્રો અને કુટુંબીઓ માટે

(2) અંદર-બહારની

(3) સુખ અને શાંતિની

(4) લાલચ અને લોભની

**142.** લાગણી આપણી શું ન બને એની તકેદારી જરૂરી છે?

(1) સંવેદના

(2) દુઃખતી નસ

(3) સીમાંકન

(4) કમજોરી

**143.** આપણી બહુધા તકલીફો કે પ્રશ્નો શેનામાંથી ઉદ્ભવે છે?

(1) પૈસામાંથી

(2) સંપત્તિમાંથી

(3) 'ના' ન કહેવાથી

(4) કુટુંબમાંથી

*નિર્દેશ* : નીચે આપેલો પરિચ્છેદ ધ્યાનથી વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરીને લખો (પ્રશ્નક્રમાંક **144–150**) :

Prepp
Your Personal Exams Gu

ઉનાળાનો મધ્યાહ્ન ખરેખર જ એક રસપ્રદ સમય છે. આ સમય ભલભલાને હંફાવી અને હરાવી દઇ શકે છે પરંતુ એ એક વ્યક્તિને નથી હંફાવી શકતો અને એ છે શિશુ. શૈશવ અને મધ્યાન્હ વચ્ચે અવિનાભાવી સંબંધ છે. ધોમધખતી બપોરે જ્યારે સૂરજ અગ્નિ વરસાવતો હોય ત્યારે તડકોજ તડકો ચોતરફ પ્રસરેલો હોય છે પરંતુ બાળકો તો એ તડકામાં પણ રમી શકે છે. વૃક્ષ અને વાયરો બંને ગરમીથી પસ્ત અને ત્રસ્ત હોય છે ત્યારે પણ શૈશવ તો રમતિયાળ અને રણઝણતું જ હોય છે. ધૂળ અને ધૂંધળાપણું ધમધમતું હોય ત્યારે સૂર્ય આપણને કોઇ કુપિત ક્રોધિત ઋષિ સમો લાગે છે. આવા સમયે અનિવાર્ય કામથી આપણે બહાર ફરવાનું થાય ત્યારે લાગે છે કે જાણે પગ વાળીને બેસી જઇએ. પણ ઉમંગથી ઉછળતા અને સક્રિયતાથી સભર શિશુઓને તો આ ઉકળાટમાં પણ ઉછળકૂદ કરવાનું મન થાય છે અને ઉકળાટ સામે ઉત્પાત કરીને તેઓ રમતની ઋતુને કાયમી માની લે છે.

શૈશવનું અભિન્ન અંગ એટલે દોડાદોડી. સતત દોડતા અને ભાગતા રહેતા શિશુઓની ચંચળતાને ગરમી ઓગાળી કે અટકાવી શકતી નથી. પુખ્તવયના લોકો બપોરના સમયે વામકુક્ષી કરતા હોય ત્યારે બાળકો બપોરની સાથે બાથ ભીડતા હોય છે. એમાં પણ જો વડીલો બપોરે બાળકને બહારનું કોઇ કામ સોંપે તો એમને 'એક પંથ દો કાજ' થઈ જાય છે.

ગ્રીષ્મની ગરમી ગળાને ગમગીન બનાવી દે છે પણ બાળકોને તો આ મોસમમાં ઠંડા પીણા પીવાની ને બરફગોળા ખાવાની મજા પડી જતી હોય છે. મૂળ વાત એટલી જ છે કે માનવે સદૈવ પોતાની અંદર એક શિશુને અને પોતાના વીતી ગયેલા

શૈશવને યાદ રાખવું જોઇએ અને પ્રત્યેક ઋતુને શૈશવ સાથે એ રીતે સાંકળીને જોવી જોઇએ.

www.prepp.in

**144.** શૈશવનો પર્યાયવાચી શબ્દ શો છે?

(1) શિશુ

(2) બાળક

(3) બાળપણ

(4) નાનું

**145.** 'એક પંથ, દો કાજ' એટલે કેવો પ્રયોગ છે ?

(1) રૂઢિપ્રયોગ

(2) ભાવેપ્રયોગ

(3) વિપ્રયોગ

(4) કહેવત પ્રયોગ

**146.** 'ધૂળ અને ધૂંધળાપણુ ધમધમતું'માં ક્યો અલંકાર છે?

(1) અનન્વય

(2) વર્ણસગાઇ

(3) ઉપમા

(4) દષ્ટાંત

**147.** 'પગ વાળીને બેસવું' એ શું છે?

(1) આરામપ્રિયતા

(2) આળસ

(3) રૂઢિપ્રયોગ

(4) શિથિલતા

**148.** 'પસ્ત' નો વિરુદ્ધાર્થી શબ્દ પસંદ કરો?

Prepp
Your Personal Exams Guide

(1) વિજેતા

(2) પરાસ્ત

(3) ક્લાન્ત

(4) મસ્ત

**149.** માણસે દરેક મોસમને કઇ રીતે જોવી જોઇએ?

(1) ઋતુચક્ર તરીકે

(2) પર્યાવરણના હિસ્સા તરીકે

(3) શૈશવ સંદર્ભમાં

(4) તાપમાન તરીકે

**150.** સૂર્ય ઉનાળાની બપોરે કેવા ઋષિમુનિ જેવો દેખાતો હોય છે?

(1) ગુસ્સે થયેલા

(2) તપસ્યારત

(3) તપોભંગ થયેલા

(4) વનવાસી

SPACE FOR ROUGH WORK

Prepp
Your Personal Exams Gu

Prepp
Your Personal Exam Guide

SPACE FOR ROUGH WORK

Prepp
Your Personal Exams Gu

***આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :***

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

**1.** પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકાના જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.

**2.** દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ–2 માં એક જ વૃત્તને **બ્લેક/બ્લ્યુ બૉલ પોઈંટ પેનથી** જ ભરવું. એકવાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.

**3.** પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજૂં કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારિલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.

**4.** પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.

**5.** પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી–પત્રમાં લખવું.

**6.** OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.

**7.** પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય–સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.

**8.** મોબાઇલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે તેમની પરીક્ષા રદ્દ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.

**9.** પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ–કાર્ડ દેખાડવું.

**10.** કેન્દ્ર અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન છાડેવું નહિ.

**11.** કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી–પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીએ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેણે ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે.

**12.** ઇલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.

**13.** પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.

**14.** ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.

**15.** **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી કક્ષ/હૉલ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ–નિરીક્ષકને અવશ્ય સોંપી દે. *પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.***

## निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :

www.prepp.in

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर-पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **काले/नीले बॉलपॉइंट पेन** से भरें। एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर-पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ। परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें।
4. परीक्षा पुस्तिका एवं उत्तर-पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर-पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी।
5. परीक्षा पुस्तिका/उत्तर-पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाजिरी-पत्र में लिखें।
6. OMR उत्तर-पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी। इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्विच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए। इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और उनके विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर-पत्र दिए बिना एवं हाजिरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे। यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाजिरी-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर-पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा। **परीक्षार्थी अपने बाएँ हाथ के अँगूठे का निशान हाजिरी-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ।**
12. इलेक्ट्रॉनिक/हस्तचालित परिकलक का उपयोग वर्जित है।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं। अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा।
14. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर-पत्र का कोई भाग अलग न करें।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल/कक्ष छोड़ने से पूर्व उत्तर-पत्र निरीक्षक को अवश्य सौंप दें।** ***परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं।***

## READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY :

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Black/Blue Ballpoint Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet/Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the Examination Hall/Room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the Examination Halls/Rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against them including cancellation of examination.
9. Each candidate must show on demand his/her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his/her seat.
11. The candidates should not leave the Examination Hall/Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic/Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Hall/Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***